# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15/05/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક મળશે.**
2. **કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું, જુનાગઢમાં વિશ્વનું ઉચ્ચ ગુણવત્તાનું રાષ્ટ્રીય વન્યજીવ સારવાર કેન્દ્ર નિર્માણ પામશે.**
3. **ઘઉંની ટેકાના ભાવે ખરીદીની સમયમર્યાદા 15 જુન સુધી વધારવામાં આવી.**
4. **સુરતમાં ગેરકાયદેસર કેદ 86 સગીર સહિત 93 લોકોને બચાવી લેવાયા.**
5. **રાજ્યના લોકોને આજથી ગરમીથી આંશિક રાહત મળવાની શક્યતા.**
6. **એશિયન સિનિયર વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશીપમાં ભારતના અજિત નારાયણે બે ચંદ્રક જીત્યા.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# CABINET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક મળશે. જેમાં ઈંધણ બચત અંગે પ્રધાનમંત્રીની અપીલ પર ચર્ચા થશે. કર્મચારીઓએ વર્ક ફ્રોમ હોમ એટલે કે ઘરેથી કામ કરવા માટે લખેલા પત્ર બાબતે પણ ચર્ચા થવાની શક્યતા છે.

બેઠક દરમિયાન સરકારી કચેરીઓમાં વપરાતી ઉર્જા, વાહનોના અંકુશ બાબતે પણ ચર્ચા વિચારણા થશે. આ ઉપરાંત ગરમીને પગલે આરોગ્ય અને પાણી પુરવઠા વિભાગ દ્વારા થયેલા આયોજન પર પણ ચર્ચા થશે.

................................

# BIG CAT

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે   કહ્યું, જુનાગઢમાં વિશ્વનું ઉચ્ચ ગુણવત્તાનું રાષ્ટ્રીય વન્યજીવ સારવાર કેન્દ્ર નિર્માણ પામશે.  સાસણ ગીર ખાતે   'સિંહ' પ્રજાતિઓ પર સ્પોટલાઇટ ઇવેન્ટનું ઉદ્ઘાટન કરતાં શ્રી યાદવે જણાવ્યું  ,  ગુજરાતે સમગ્ર વિશ્વ સમક્ષ સિંહ સંરક્ષણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે , સમગ્ર વિશ્વમાં આફ્રિકન લાયન સહિતના સિંહોની વસ્તી ઘટી રહી છે ત્યારે ગુજરાતમાં એશિયાઈ સિંહો ની વસ્તીમાં 32 ટકાનો વધારો થયો છે.

BYTE: BHUPENDRA YADAV – UNION MINISTER

આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય મોટી બિલાડી ગઠબંધનના મહાનિદેશક એસ.પી. યાદવે જણાવ્યું ,  માનવ-વન્યજીવ સંઘર્ષ અટકાવવા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

BYTE: S.P. YADAV, DG

...............................

# WHEAT MSP

ઘઉંની ટેકાના ભાવે ખરીદીની સમયમર્યાદા વધારીને 15 જૂન કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની યાદીમાં જણાવ્યા અનુસાર રવિ માર્કેટિંગ સીઝન 2026-27 અંતર્ગત રાજ્યમાં ઘઉંની ટેકાના ભાવે ખરીદીનો લાભ મહત્તમ ખેડૂતોને મળી રહે તે ઉદ્દેશથી ખરીદીની સમયમર્યાદા વધારવામાં આવી છે.

...............................

# JAMNAGAR DEMOLITION

જામનગરના જડેશ્વર પાર્ક વિસ્તારમાં, મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. અંદાજે 5 હજાર ચોરસ ફૂટ જગ્યામાં કરાયેલા દબાણો દૂર કરવામાં આવ્યા હોવાનું એસ્ટેટ અધિકારી મુકેશ ગોસાઇએ જણાવ્યું.

**BYTE: MUKESH GOSAI, ESTATE OFFICER**

...............................

# SURAT CHILD LABOUR

સુરત પોલીસ અને ઉદયપુર માનવ તસ્કરી વિરોધી એકમ દ્વારા સંયુક્ત કાર્યવાહીમાં પૂણા વિસ્તારમાં ગેરકાયદેસર કેદ અને બાળ મજૂરીમાંથી 86 સગીરો સહિત 93 લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

અધિક પોલીસ કમિશનર બલરામ મીણાએ જણાવ્યું કે બાળકોને રાજસ્થાનથી લાવવામાં આવ્યા હતા અને અમાનવીય પરિસ્થિતિઓમાં સાડી ફોલ્ડિંગ અને

પેકિંગ યુનિટમાં કામ કરવાની ફરજ પાડવામાં આવી હતી. આ મામલે ચાર શખ્સ સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**BYTE: BALRAM MEENA, ACP**

…………………………

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

ગોન્ગ મ્યુઝિક

………………………………

# AMRELI DEATH

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખાખબાઈ ગા મે નદીમાં ડૂબી જવાથી બે કિશોરોના મોત થયા છે. ગરમીથી રાહત મેળવવા ધાતરવડી નદીમાં આ કિશોરો નાહવા પડ્યા હતા જોકે, પાણીના ઊંડાણમાં ગરકાવ થઈ જતાં બંને ડૂબવા લાગ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો અને તરવૈયાઓની ટીમ દોડી આવી હતી. ભારે શોધખોળ બાદ બંનેના મૃતદેહ મળી આવ્યા હતા. દુર્ઘટનાને પગલે બંને પરિવારો સહિત સ્થાનિક પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

..............................

# ACCIDENT - PANCHMAHAL

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરના ચીઠીયાવાડમાં દિવાલ ધરાશાયી થતા પિતા અને ચાર વર્ષના પુત્રનું મોત નિપજ્યું છે. મળતી માહિતી મુજબ દિવાલ તોડવાની કામગીરી દરમિયાન અચાનક આખી દિવાલ ધસી પડતાં આ ઘટના બની હતી.

સ્થાનિક લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડી વધુ તપાસ શરૂ કરી છે.

..............................

# WEATHER

રાજ્યના લોકોને આજથી ગરમીથી આંશિક રાહત મળવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ત્રણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં 2 થી 4 ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો નોંધાઈ શકે છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું , પવનની દિશામાં ફેરફાર થવાને કારણે તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા છે. જોકે આજે રાજકોટ સુરેન્દ્રનગર અને કચ્છમાં ગરમીની આગાહી કરવામાં આવી છે.

BYTE: PRADEEP SHARMA, SCIENTIST

..............................

# WEIGHTLIFTING

ગાંધીનગરમાં રમાઈ રહેલી એશિયન સિનિયર વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશીપ 2026માં ભારતના અજિત નારાયણે બે ચંદ્રક જીત્યા છે. સ્પર્ધાના ચોથા દિવસે અજિત નારાયણે નોંધપાત્ર પ્રદર્શન કરતાં ક્લીન એન્ડ જર્ક અને ઓવરઓલ ટોટલ એમ બંને સ્પર્ધામાં પુરુષોની 71 કિલોગ્રામ શ્રેણીમાં કાંસ્ય ચંદ્રક જીત્યા હતા.

એશિયાના શ્રેષ્ઠ વેઇટલિફ્ટરો સામે સ્પર્ધા કરતા , અજિતે અસાધારણ શક્તિ અને સંયમનું પ્રદર્શન કરીને કુલ 314 કિલોગ્રામ વજન ઉપાડ્યું, જેમાં ક્લીન એન્ડ જર્કમાં 174 કિલોગ્રામ વજન ઉપાડવાના ઉત્કૃષ્ટ પ્રયાસનો સમાવેશ થાય છે.

..............................

# PORBANDAR - MANGO EXPORT

પોરબંદરના બરડા પંથકની કેસર કેરી સમગ્ર દેશની સાથે છેલ્લા 2 વર્ષથી વિદેશમાં પણ પ્રખ્યાત થઈ છે. બરડા પંથકના હનુમાનગઢ અને આદિત્યાણા સહિતના ગામની 2 હજાર બોકસ કેસર કેરી અમદાવાદથી કાર્ગો મારફતે યુ.કે મોકલવામાં આવી છે.

યુકેના લેસ્ટર ખાતે આ કેરીની વધુ માંગ હોવાથી કેરીની નિકાસ કરી હોવાનું પોરબંદરના વેપારી નીતિન દાસાણીએ જણાવ્યું હતું.

(BYTE - NITINBHAI DASANI, PORBANDAR)

..............................

# PATAN UNIVERSITY NEW COURSE

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના આર્કિટેક્ચર વિભાગને કાઉન્સિલ ઓફ આર્કિટેક્ચર , નવી દિલ્હી દ્વારા 5 વર્ષીય અભ્યાસક્રમને મંજૂરી આપવામાં આવી છે. કાઉન્સિલ દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27 માટે પાંચ વર્ષીય

પૂર્ણકાલીન બેચરલ ઓફ આર્કિટેક્ચર અભ્યાસક્રમ માટે 40 સીટોની પ્રવેશ ક્ષમતા સાથે મંજૂરી આપવામાં આવી છે. આ મંજૂરી યુનિવર્સિટીના શૈક્ષણિક માળખું , ગુણવત્તાસભર શિક્ષણ, લાયકાત ધરાવતા ફેકલ્ટી સ્ટાફ તેમજ આધુનિક સુવિધાઓ પ્રત્યેના વિશ્વાસનું પ્રતિબિંબ છે.

..............................

# DAMAN

પ્રધાનમંત્રીની અપીલના પગલે કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ પ્રશાસન દ્વારા સપ્રમાણ ઇંધણ વપરાશ અને પર્યાવરણ સંરક્ષણ માટે જાહેર અપીલ કરવામાં આવી છે. જે અંતર્ગત દમણમાં દેવકા સ્થિત નમો પથ અને જમપોરના રામ સેતુ વિસ્તારમાં હવે માત્ર ઇલેક્ટ્રિક વાહનો , સાયકલ અને પદયાત્રીઓને જ પ્રવેશ મળશે. આ નવી વ્યવસ્થા આગામી 18 મે થી અમલમાં આવશે.

..............................